સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

સત્યના ઉપાસક જ સદા સાચું બોલી નાખે છે,
ને કાટ્જૂ જેવા નીડર તો રહસ્યોય ખોલી નાખે છે,
તોલી નાખે છે ન્યાય કોઈનીય શેહ-શરમ વિના -
હસતાં-રમતાં નેતાશ્રીઓનાં નાક છોલી નાખે છે.
(નિવૃત્ત ન્યાયાધીશ કાટ્જૂની રમૂજ)

હાઈકુ

સૂણી ને સત્ય,
ચયરે છે ખૂરશી -
લાગે મરચાં...

વટાવે નામ,
બુદ્ધ અને જેપીનાં -
ગાંધીની જેમ...

(શ્રી નીતિશનં તંત્ર અને બચાવ)

ચિંતન

દાનં ધર્મઃ

દાન ધર્મ છે.

ઉપરોક્ત શ્લોક ચાણક્ય સૂત્રમાંથી લેવામાં આવેલ છે. દાન આપવું એ એક પ્રકારનો ધર્મ છે. પરંતુ જેને સાચે જ જરુરત હોય એને જ દાન આપવું જોઈએ. કોઈ સ્વસ્ત, બલિષ્ઠ માનવીને, આર્થિક સહાય આપવાથી, એ આળસુ અને કામચોર બની જાય છે અને ખરેખર એ રાષ્ટ્રને પણ હાની પહોંચે છે.

સાથે સાથે દાન આપતી વખતે મનમાં એનો ઘમંડ પણ ના કરવો જોઈએ. અને એનાથી મને શો લાભ થશે એવી સ્વાર્થમૂલક વૃત્તિ પણ ના સેવવી જોઈએ. લાભની અપેક્ષા, ઈચ્છાથી આપેલું દાન એ દાન નથી પણ એક સોદો છે. આ બધી બાબતો વિશે નિર્લેપ રહીને આપેલું દાન જ ધર્મ છે.

આજકાલ 'તપ્સી મૂકાવવા માટે' '૮૦-સી'ની કલમનો લાભ લેવા માટે, ધાર્મિક પંથોમાં નામના-કીર્તિ માટે, ગુરુઓમાં સ્પર્ધા હોય છે તેના ફલસ્વરુપ, સંસ્થાઓના 'હોર્ડીંગ' સાથે ફોટા પડાવી ગરીબ કે દર્દીની પરિસ્થિતિની મજાક ઉડાવવા માટે પણ દાન થતાં હોય છે.

સુવિચાર

- છે માનવી જીવનની ઘટમાળ એવી, દુઃખ પ્રધાન, સુખ અલ્પ થકી ભરેલી... - **નરસિંહરાવ દિવેટિયા**
- ઈશ્વરને માપવો એ આકાશને ગલેફ ચઢાવવા બરાબર છે - **જ્ઞાનદેવ**
- સત્યપૂત વાણીનું સામર્થ્ય અમોઘ હોય છે - **નાથાલાલ જોષી**
- એકલા એક એવું ઉજજડ મકાન છે કે જયાં હતાશ પવનના સૂસવાટા સિવાય કશું જ સંભળાતું નથી, એકલતા દુઃખમાંથી જન્મે છે, અથવા એકલતામાંથી દુઃખ જન્મે છે - **સુરેશ દલાલ**
- ભવિષ્ય એ દર્પણ છે, એમાં કોઈ કાચ હોતો નથી - **સંત રોબિન**
- માન અને અપમાન કોઈ પરિસ્થિતિમાંથી ઉદ્‌ભવતા નથી, તમે તમારો ભાગ બરાબર ભજવો તો તમને માન મળવાનું છે - **જનકલ્યાણ**
- આજનું ઔષધ : તાંદળજાના મૂલ માથા પર બાંધવાથી વિષમજવર મટી જાય છે.

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

આપણી આજકાલ નિવેદનો પરથી પલ્ટી મારવાની ટેવ પડી ગઈ છે, રાજકારણ હોય કે ઘટતું સાંસારિક ખટપટનું ચક્કર, ઈશ્વરને કરેલી પ્રાર્થના કે આપેલું વચન - જયારે પલ્ટી પકડાય ત્યારે ભોંઠપ સંતાડવા બધા એક જ જાતને બચાવ કરે છે - 'હું તો મશ્કરી - રમૂજ કરતો હતો. મારા નિવેદનને મારી મચડી રજૂ કર્યું છે.'

એક આવો જ રાજકારણી વેપારી જાંબુના ઝાડ પર જાંબુ લેવા ચઢ્યો. ડાળીઓ જાંબુથી ભરેલી લચેલી હતી પણ હાથમાં આળે એવી આસાન ન હતી.

વેપારીએ ભગવાનને પ્રાર્થના કરી જો આ લચેલી ડાળ મારા હાથમાં આવી જાય તો 'હે ભગવાન, તારા મંદિરમાં હું બે કલાક સફાઈ કરીશ!'

થોડા પ્રયત્ન પછી હાથમાં ડાળ આવી ગઈ જાંબુની ટોપલી ભરાઈ ગઈ. વેપારી ઝાડ પરથી ઉતરતાં વિચારવા લગ્યો - 'ભગવાનને ખોટું વચન અપાઈ ગયું. કામ સરળ જ હતું.'

ને પગ લપસ્યો - થાપામાં ફેંકચર થયું - પ્લેટ નાખવી પડી! પથારીમાં પડ્યા - પડ્યા મનમાં બોલ્યો. ભગવાન! હું સફાઈ તો કરવાનો જ હતો, પણ તમે તો રમૂજમાં પણ સમજતા નથી! અમથા વિચાર કરીનેને સજા!!

શૉ મસ્ટ ગૉ ઑન : દારૂબંધી ગુજરાતના હિતમાં

ગુજરાત સરકારે મહાત્મા ગાંધીના જન્મદિવસ ૨ ઑકટોબરથી ૮ ઑકટોબર સુધી નશાબંધી સપ્તાહ ઉજવવાની પરંપરા પાડેલી છે. અન્ય રાજયોની સરખામણીએ ગુજરાત આ મુદ્દે જુદું પેડ છે. કરોડો રૂપિયાની આબકારી આવક જતી કરીને રાજય સરકાર અનેક વિવાદો વચ્ચે પણ નશાબંધીની પ્રસ્થાપિત નીતિને વળગી રહી છે તે ખરે જ પ્રશંશાપાત્ર બાબત છે. મહાત્મા ગાંધીને ગુજરાતની કદાચ આ સૌતી મોટી શ્રદ્ધાંજલિ છે, કારણ કે રાષ્ટ્રપતિ તો ઈચ્છતા હતા કે દેશ આખામાંથી દારૂને દેશવટો મળે, પરંતુ પ્રજા પોતે તૈયાર ન હોય ત્યાં સુધી એના પર બંધન લાદવું લોકશાહીમાં ન તો ઉચિત ગણાય કે ન કોઈ રાજકીય પક્ષ એવું જોખમ ખેડવા તૈયાર થાય. છેલ્લા કેટલાક સમયગાળા દરમિયાન નશાબંધી તરફી નવેસરથી વાતાવરણ સરજાયું છે. ચૂંટણી ટાણે ખુદ મહિલા મતદારોએ જ બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર આગળ સંપૂર્ણ દારૂબંધીનો કાયદો પસાર કરવાની માગણી મૂકી હતી. નીતિશકુમારે એમને જાહેરમાં વચન આપ્યું હતું અને ચૂંટાઈ આવતાં જ એ પાળી બતાવવાની શુદ્ધ દાનત દાખવી હતી. એકાએક દારૂબંધી લદાવાથી રાજયમાં ઘણા વિવાદો સરજાયા તે એ હદે કે છેવટે સુપ્રીમકોર્ટે રાજય સરકારે દાખલ કરેલી દારૂબંધી નીતિ રદ કરવાનો આદેશ આપવો પડ્યો. એવું નથી કે સુપ્રીમ કોર્ટ દારૂબંધીની વિરોધી છે, પરંતુ સરકાર વધુ પડતી બળજબરી કરે, જેના ઘરમાંથી દારૂ પકડાય તે ઘરનાં બધાં જ સભ્યોને ગુનેગાર ઠેરવાય અને જેલભેગાં કરાય - એ બધાં જોહુકમીભર્યા પ્રાવધાન માનવીય સ્વમાનની વિરુદ્ધ જતી બાબતો હતી. તમિલનાડુમાં આગામી વર્ષે યોજાનારી ચૂંટણીમાં ડીએમકેના વડા કરુણાનિધિ અને અને અન્ના ડીએમકેમાં સર્વેસર્વા જયલલિતા બેઉને દારૂબંધીનો કાયદો કરવાનું વચન આપવાની ફરજ પડી છે. પ્રજાનો પચાસ ટકા હિસ્સો સ્ત્રીઓ છે. સવિશેષ બાબકો અને સ્ત્રીઓ જ દારૂની લત વાળા પુરુષોના અત્યાચારનો ભોગ બને છે. માંડ બે છેડા મળી રહે એવી ટૂંકી આવકવાળા પરિવારોમાં દારૂનો દૈત્ય પ્રવેશ કરે છે ત્યારે એ સૌ પ્રથમ પરિવારનાં નિર્દોષ સભ્યોને જ સકંજામાં લે છે. મહાત્મા ગાંધી આ સત્ય બરાબર સમજ્યા હતા. આખા દેશમાં ફરી ફરીને એમણે તારણ કાઢ્યું હતું કે હિંદુસ્તાનની ગરીબ પ્રજા દારૂની બદીના કારણે બરબાદીના પંથે જઈ રહી છે. તેથી તેમણે આઝાદીની લડાઈ સાથે જ નશાબંધી, સફાઈ અને ચરખાકાંતણ જેવા કાર્યક્રમોને અગ્રતાક્રમે મૂકતા હતા. ગાંધીજીએ તો ત્યાં સુધી કહેલું કે મને જો લીંબુ ઉછાળ સમયે પૂરતી આ દેશની સુવાંગ સત્તા સાંપડે તો સૌ પહેલું કામ દારૂના દૈત્યને દેશવટો આપવાનું કરું. મહાત્માના આ આદર્શને ગુજરાતે કૃતજ્ઞતાપૂર્વક અમલમાં મૂકવાનું સૈદ્ધાંતિક સ્તરે તો સ્વીકાર્યું છે, પરંતુ એનો વાસ્તવિક અમલ થાય છે ખરો? ખુદ પાટનગર નજીકના વિસ્તારોમાં દેશી દારૂની ભઠ્ઠીઓ ધમધમે છે એથી શું ગુજરાતની પોલીસ વાકેફ નથી? હપ્તાખોરી જે હદે વકરી છે, એથી તો દારૂબંધીની નીતિ પ્રજા કરતાં પોલીસ અને પોલિટિશિયનોને જ ફળી છે, એમ કહેવામાં અતિશયોક્તિ નહીં લેખાય.

તંત્રીસ્થાનેથી...

અલબત્ત, દારૂબંધીની ધાકને કારણે દારૂડિયા નશો કરીને જાહેર રસ્તાઓ પર રખડતા નથી અને આપણી બાઈબહેનો અડધી રાતે એકલી સૂમસામ રસ્તાઓ પર પસાર થતાં ગભરાતી નથી, તે કોઈ નાનીસૂની ઉપલબ્ધિ નથી. ગુજરાતની દંતકથારૂપ શાંતિના મૂળમાં દારૂબંધીનો કાયદો છે.

શૈક્ષણિક સંસ્થામાં અનામત પ્રથાનો અમલ ના થાય તો એટ્રોસીટી એકટ લાગુ પડશે

ગેરરીતી આચરનાર સંચાલકો સામે એટ્રોસીટી એકટ-૧૯૮૯ તથા ૨૦૧૫ માં અમલમાં આવેલ એટ્રોસીટી એકટની કલમ-૪ મુજબ પગલા ભરવામાં આવશે

ગુજરાત રાજયના શિક્ષણ વિભાગ દ્વારા તમામ શૈક્ષણિક સંસ્થાઓ અને યુનિવર્સીટીમાં અનામત નિતિનો ચુસ્ત અમલ કરવા માટે પરિપત્ર રાજય સરકારે મોકલી તેનું ફરજીયાત પાલન કરવા આદેશ જારી કર્યો છે.

રાજયના શિક્ષણ વિભાગ દ્વારા ૨૩-૯-૨૦૧૬ સુધીમાં રાજયની શૈક્ષણિક સંસ્થાઓમાં અનુસૂચિત જનજાતીની કેટલી સીટો ભરાઈ તેની જાણકારી સમય મર્યાદામાં મોકલવાની હતી પરંતુ રાજયની શૈક્ષણિક સંસ્થાઓએ અનુસૂચિત જનજાતીની બેઠકોને જનરલમાં ફેરવી વ્યાપારીકરણ કરી મોટા પ્રમાણમાં ડોનેશનો ઉઘરાવી મેનેજમેન્ટ સીટના રૂપાળા નામ હેઠળ નાણાકીય ગેરરીતી આચરતા આ પ્રકારની કેટલી સીટો ભરાઈ તેનો રીપોર્ટ અનુસૂચિત જાતી આયોગને મોકલવામાં નિષ્ફળ રહેતા રાજય સરકારના શિક્ષણ વિભાગે આવા પ્રકારની માહિતી ના આપતી સંસ્થા તથા અનુસૂચિત જનજાતીની રીઝર્વ સીટો ના ભરાઈ હોય તેવી સંસ્થાના સંચાલકો સામે એટ્રોસીટી એકટ મુજબ અનુસૂચિત જાતી અને અનુસૂચિતજનજાતી અત્યાચાર નિવારણ અધિનિયમ-૧૯૮૯ મુજબ પગલા ભરવા આદેશ કરવામાં આવતા ગુજરાતની શૈક્ષણિક સંસ્થાના વડાઓમાં ફફડાટ ફેલાયો છે.

ગુજરાત રાજયમાં જયારે એટ્રોસીટી એકટના કેસો ચલાવવા અલગથી સ્પે. કોર્ટની ફાળવણી કરી છે તેમજ આવા કેસો ચલાવવા જીલ્લામાં અલગથી ન્યાયાધીશની નિમણુંકો આપવામાં આવી છે જે ૨-૧૦-૨૦૧૬ ગાંધી જયંતિના દિનથી કાર્યભાર સંભાળશે તેવા સંજોગોમાં શૈક્ષણિક સંસ્થાઓ ઉપર તવાઈ આવશે.સમયસર અનુસૂચિત જનજાતીની સીટો ભરી તે અંગેનો રીપોર્ટ અનુસૂચિત જાતી આયોગને સમય મર્યાદામાં મોકલવામાં નિષ્ફળ જનાર સંસ્થાના વડાઓ એટ્રોસીટી એકટના દાયરામાં આવી જશે અને તે મુજબ સરકાર તેમની સામે કાયદેસરના પગલા ભરશે.

રાજયની જુદી જુદી યુનિવર્સીટીઓ અને પ્રવેશ સમીતીની મીલીભગતથી વિદ્યાર્થીઓને આપવામાં આવતા પ્રવેશમાં ગેરરીતી આચરી અને એસ.ટી. કેટેગરીની બેઠકો જાણી જોઈને ખાલી રાખી ત્યારબાદ યુજીસીના નિયમ પ્રમાણે ઓપન કેટેગરીમાં ટ્રાન્સફર કરી ટેકનિકલ નિયમોનો લાભ મેળવી આવી સીટો મેનેજમેન્ટ કવોટા દ્વારા ભરીને વિદ્યાર્થીઓ પાસેથી તગડુ ડોનેશન ઉઘરાવવામાં આવતું અને શૈક્ષણિક સંસ્થાના માલીકો વહીવટદારો, ટ્રસ્ટીઓ તથા યુનિવર્સીટીના સંચાલકો માલેતુજાર બનતા આ બાબતે સેનેટ મેમ્બર દ્વારા અનુસૂચીત જાતી અને જનજાતી મંડળ મારફતે નેશનલ કમિશન ફોર શિડયુલ કાસ્ટ સમક્ષ ફરીયાદ કરતા નેશનલ આયોગ દ્વારા આ બાબતે રાજય સરકારને રીપોર્ટ માંગવામાં આવતા યુનિવર્સીટીઓ અનામત પ્રથાનો અમલ ૧૦૦ ટકા કરતી નથી.

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

યુનિવર્સીટી દ્વારા ૨૦૦૬ માં અનામત પ્રથા અંગે ગાઈડલાઈન બહાર પાડવામાં આવેલ છે તે પ્રમાણે જ અનુસૂચીત જાતી અને જનજાતીની સીટો ભરવી જોઈએ પરંતુ ૨૦૦૬ ના ગાઈડલાઈનને સાઈડ કરી પ્રવેશ સમીતીના સભ્યો સાથે મીલીભગતથી આખુ કૌભાંડ શૈક્ષણિક સંસ્થાના સંચાલકો દ્વારા આચરી અનુસૂચીત જાતીની સીટોને જનરલ કેટેગરીમાં ફેરવી નાણાકીય લાભો ગેરકાયદેસર રીતે મેળવતા આવેલ છે ૨૦૧૫ માં અમલમાં મુકવામાં આવેલ એટ્રોસીટી એકટની કલમ-૪ મુજબ આવા સંચાલકોની ગેરીતી પકડાશે તો પગલા ભરવામાં આવશે.

યુજીસીની સૂચના અને કાયદાકીય બંધારણની જોગવાઈ મુજબ ૨૦૦૬ ના પ્રવેશ પ્રક્રિયાના નિયમો તથા કેન્દ્રીય પ્રવેશ સમીતીના નિયમોનો ટેકનીકલ ગેરલાભ મેળવતા સંચાલકો સામે એટ્રોસીટી એકટની કલમ-૪ મુજબ જો પગલા ભરવામાં આવે તો શૈક્ષણિક સંસ્થાના સંચાલકોમાં ફફડાટ ફેલાય અને ખોટું કરતા અટકે તેવો ઉદ્દેશ અનુસૂચીત જાતી આયોગનો છે. સરવાળે છેવાડાના પછાત અને અનુસૂચીત જાતીના વિદ્યાર્થીઓને તેમનો હકક મળી શકે આ પ્રથાનો અમલ કરનાર સૌરાષ્ટ્ર યુનિવર્સીટી પ્રથમ સંસ્થા છે.

અનુસંધાન પાના નં. ૭ પર

સમાજ માનવતાનિષ્ઠ બને એવું પરિવર્તન લાવવાની જરૂર છે

દૂષિત બોજ

બે બૌદ્ધ સાધુઓ તેમના પરિભ્રમણ દરમિયાન એક નદી પાસે આવી પહોંચ્યા. વર્ષાની ઋતુ હમણાં જ પૂરી થઈ હતી, અને નદીમાં ઠીક ઠીક પાણી હતું. સાધુઓએ પોતાનાં વસ્ત્રો સરખાં બાંધી લીધાં અને નદીને પાર કરવાની તૈયારી કરી, ત્યાં તેમને કાને કોઈના રુદનનો અવાજ પડ્યો.

'કોઈક રડતું લાગે છે,' એક સાધુ બોલ્યો.

'એ તો કોઈ સ્ત્રીનો અવાજ છે.' બીજાએ કહ્યું.

'એની આપણે શા માટે ફિકર કરવી?'

પહેલો સાધુ કહે, 'તો પણ આપણે તપાસ તો કરવી જ જોઈએ.'

સાધુઓએ આગળ જઈને જોયું તો નદીને કિનારે બેઠી બેઠી એક સુંદર યુવતી વિલાપ કરતી હતી.

'શા માટે રહે છે તું, બહેન?' પહેલા સાધુએ પૂછ્યું.

'યુવતી રડતાં રડતાં જ બોલી : 'મારી માંદી માને મળવા માટે સામે પાર જવું છે, પણ નદીમાં આટલું બધું પાણી છે ! હવે હું શી રીતે જઈ શકીશ?'

પહેલો સાધુ ઘડીભર ગૂંચવાયો. પણ પછી એને માર્ગ સૂઝી આવ્યો. યુવતીને તેણે પોતાને ખભે બેસી જવા કહ્યું. આ જોઈ બીજો સાધુ ક્રુદ્ધ થઈ તેનાથી જરા અળગો થઈ ગયો.

સામે કિનારે પહોંચીને સાધુએ યુવતીને ઉતારી દીધી અને એ ચૂપચાપ આગળ ચાલવા લાગ્યો. થોડીવારમાં બીજો સાધુ તેની સાથે થઈ ગયો. ચાલતાં ચાલતાં તે ઉશ્કેરાટથી બોલ્યો, 'છી... છી... આજે તેં ભારે દૂષિત કર્મ કર્યું છે. આપણાથી સ્ત્રીનો સ્પર્શ કરાય જ કેમ?'

પહેલા સાધુએ કશો ઉત્તર વાળ્યો નહીં.

વળી પેલાએ કહ્યું, 'સ્ત્રીમાત્રનો સ્પર્શ આપણા વ્યવહારમાં ત્યાજ્ય છે અને વળી આ તો યુવાન સ્ત્રી હતી. તેં આજે ઘોર પાપ કર્યું છે.'

હવે પહેલો સાધુ શાંત અવાજો બોલ્યો : 'ભાઈ, મેં સ્ત્રીને નદીને કિનારે ઉતારી દીધી - પણ તું હજું એને ઊંચકીને શા માટે ચાલે છે?'

તમને નથી લાગતું કે આપણા રોજબરોજના વ્યવહારમાં આપણે આવા કેટલાય બોજ જાણે-અજાણ્યે આવા કેટલાય દૂષિત બોજના ભાર હેઠળ દબાયેલા છીએ. તહેવારોની આ મોસમમાં પિતૃતર્પણની વિધિ અને હવે નવરાત્રીના પૂજા-અર્ચન અને ત્યારબાદ પરંપરાગત શૈલીમાં દિવાળીના હોમ હવનની તૈયારીઓ. આ બધું વર્ષોથી આ જ પ્રમાણે ચાલ્યું આવે છે અને બધા જ પોતાપોતાની પ્રણાલી અનુસાર તેનું અનુકરણ કરે છે. આમાં કશું ખોટું કે ખરાબ છે તેવો આશ્રય બિલકુલ નથી, પરંતુ એક ક્ષણ માટે વિચારી લઈએ કે પૈલા બૌદ્ધ સાધુએ જડ માન્યતાઓને વળગી રહીને યુવતીને નદી પાર ન કરાવી હોત તો તે સૌથી મોટા ધર્મ એવા માનવધર્મને ચૂકી ગયા હોત. અને આ જ રીતે આપણે પણ કોઈ પણ પરંપરાને અનુસરતા એ બાબતને ખાસ યાદ રાખવાની છે કે પરંપરાને અનુસરવા જતાં જાણતાં કે અજાણતાં મને-કમને પણ જો કોઈ વ્યક્તિ કે સજીવનને નુકશાન થઈ રહ્યું હોય અથવા આપણે આપણો માનવધર્મ ચૂકી રહ્યા હોઈએ ત્યારે શું જાળવવું વધુ અગત્યનું છે તેનો નિર્ણય આપણે પોતે જ કરવો રહ્યો. છીંક આવવી, બિલાડી આવી ઉતરવી કે દૂધ ઊભરાઈ જવું કે પછી ઘીનું ઢળવું આ તમામ બાબતો સાથે સંકળાયેલ આપણી માન્યતાઓ આ પ્રકારના દૂષિત બોજ સમાન છે કે જે આપણા અંતરાત્મા પર અજાણતાં જ એક ડર એક 'હાઉ' ઊભો કરે છે.

ખરેખર તો આપણે જે સમયે જયાં શારીરિક રીતે હાજર હોઈએ ત્યાં જ મનથી પણ હાજર રહીએ તો આપણા પર આવી પડેલા આ પ્રકારના બોજથી કોઈ અસર રહે નહિ. દિલ્હીના એક ખ્રિસ્તી દેવળમાં એક સૂચના છે કે, 'મુખ પર સ્મિત ધારણ કરેલું ન હોય, ત્યાં સુધી તમારો પહેરવેશ સંપૂર્ણ ન ગણાય.' આપણે જયારે કોઈ તકલીફ, બિમારી કે અકસ્માતથી ઈજાગ્રસ્ત કે ક્ષતિગ્રસ્ત હોઈએ ત્યારે ઉદાસ કે બેચેન હોવું એ સાહજિક બાબત છે પણ એ તકલીફ પૂરી થઈ હોવા છતાં જયારે કોઈ તમને પૂછે કે, 'અરરે! બહુ તકલીફ પડી ગઈ' કે 'બહુ હેરાનગતિ થઈ' ત્યારે તમે જે રીતે પીડામાંથી બહાર આવી ગયા છો તે જ રીતે સામેની વ્યક્તિને પણ હસતાં મોઢે પ્રત્યુત્તર આપીને બોજમુક્ત કરી શકો. કાકાસાહેબ કાલેલકરે લખ્યું છે તેમ,

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

'દુનિયામાં જયાં જયાં અન્યાય થાય છે, ત્યાં ત્યાં જુલમ ગુજારનાર તો પાપી હોય જ છે, પણ જુલમ સહન કરનાર પણ ઓછું પાપ નથી કરતો. ભયભીત દશામાં રહેવું, અન્યાય સહન કરવો, અજ્ઞાન રહેવું, આળસમાં આયુષ્ય વિતાડવું - એ પણ પાપોનો એક પ્રકાર છે. દુષ્ટતાના જુલમ કરતાં અજ્ઞાન, વહેમ, અભિમાન અને સમાજહિતના ખોટા આદર્શને લીધે થયેલા જુલમ ઓછા ભયાનક નથી હોતા.'

આપણી પરંપરાઓ, આપણી સંસ્કૃતિ અને આપણી સભ્યતા દરેક પાછળ કોઈને કોઈ હેતુ, કોઈને કોઈ વૈજ્ઞાનિક તથ્ય હોવાનું જ. પણ એ બધું જ જડ માન્યતા બની જાય કે માનવતાને ભોગે પણ તેનું આંધળું અનુકરણ થવા લાગે ત્યારે એ એક ગાડરિયા પ્રવાહના ભાગ બનવા સમાન પ્રવૃત્તિ ગણાય. નકામી વસ્તુઓનો ત્યાગ કરવો અને આ બાબતને દૃઢપણે વળગી રહેવું. અજ્ઞાન દૂર કરવા માટે હજાર વરસની જરુર નથી. ખોટા ખ્યાલો ને ભ્રમણાઓ છોડી દેતાં ઘણી વાર લાગે છે પણ અજ્ઞાન તો પોલાણ જેવું છે, એને દૂર કરતાં વાર નથી લાગવાની, કોઈ અંધારિયા રૂમમાં બસો વરસનું અંધારું હોય, પણ બારણું ખોલો એટલે અંધારું હતું - ન હતું થઈ જાય. 'આધ્યાત્મની અગ્નિપરીક્ષા' નામના પુસ્તકમાં વિમલા ઠાકુર નોંધે છે તેમ,

'માનવ - માનસ હજું એવું જ ભૂતકાળના બંધનથી જકડાકેલું છે. સમાજ માનવતાનિષ્ઠ બને એવું પરિવર્તન લાવવાની જરુર છે. જીવનમાં સઘળાં ક્ષેત્રોમાં જનશિક્ષણ, જનજાગરણ દ્વારા શુભ સંસ્કારના સિંચનનું આંદોલન ચલાવવું એ જ તરણોપાય છે.'

નવરાત્રીના આ પર્વમાં રંગબેરંગી વસ્ત્રો અને અવનવાં વસ્ત્રો અને અવનવા સાજ-શણગાર સાથે આપ સૌ કોઈ મુક્તપણે ફરી શકો એ માટે આવો સૌ સાથે મળીને આપણા આ 'દૂષિત બોજ' નો ત્યાગ કરીએ.

- nehalgadhavi101@gmail.com

મહારાષ્ટ્રમાં મરાઠાજુવાળને સર્વપક્ષી સમર્થન

વિશ્વ આખું વિરોધાભાસોથી ભરેલું છે, પણ ગુજરાત અને મહારાષ્ટ્ર તો એક જ મુંબઈ રાજયમાંથી અલગ થયેલાં ભગિની-રાજય હોવા છતાં એના ઉજળિયાત ગણાતા વર્ગોએ શિક્ષણ અને નોકરીઓમાં અનામત મળવાના ટેકામાં લાખોની સંખ્યામાં ઉમટતા લોકોએ મોરચા અને રેલીઓ કાઢવાનું નક્કી કર્યું ત્યારે એક જ પક્ષ ભારતીય જનતા પક્ષની જ સરકારોના મુખિયાઓની ભૂમિકા એકદમ વિરોધાભાસી રહી છે.ગુજરાતના પાટીદાર અનામત આંદોલનમાં અક્કડ ભાજપી પટેલ મુખ્ય પ્રધાન આનંદીબહેન પટેલની ગાદી હોમાઈ ગઈ.મહારાષ્ટ્રમાં પટેલ સમકક્ષ ગણાતા રાજયની વસ્તીના ૩૨ ટકાવાળા મરાઠા સમાજના અનામત આંદોલન સાથે ભાજપના જ બ્રાહ્મણ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ એકદમ સહાનુભૂતિ ધરાવે છે. પ્રગટ પણ કરે છે. ગુજરાતમાં પટેલ સમાજના રાજકીય પ્રભાવ અને પ્રધાનમંડળમાં આઠથી નવ પટેલ પ્રધાન હોવા છતાં આનંદીબહેનથી લઈને આજના નાયબ મુખ્ય પ્રધાન નીતિન પટેલ પણ બંધારણીય સુધારો કરીને પટેલો સહિતના સવર્ણ ગણાતા વર્ગના આર્થિક પછાતોને અનામતનો લાભ આપવાની વાત કરતા નથી.

આનાથી ઊલ્ટું, મહારાષ્ટ્રમાં એની રચનાના ૬૬ વર્ષના સમયગાળામાં મહદઅંશે મરાઠા મુખ્ય પ્રધાન રહ્યા, બિન-મરાઠા મુખ્ય પ્રધાન આવ્યા ત્યારે એમને ઉથલાવવાની રીતસર ઝુંબેશો હાથ ધરાઈ તેમ છતાં આજે 'એક મરાઠા લાખ મરાઠા' સૂત્ર સાથે રાજ્યભરમાં નીકળી રહેલા શાંત અને મૂક મોરચામાં લાખોની જનમેદની ઊમટે છે. એટલું જ નહીં, એમની માગણી સાથે સત્તાધારી અને વિપક્ષના તમામ પક્ષો જ નહીં, દલિત બહુજન સમાજ પણ એને ટેકો આપી રહ્યો છે.મોદી સરકારમાં મહારાષ્ટ્ર દલિત આગેવાન રામદાસ આઠવલે રિપબ્લિકન પાર્ટીના નેતા તરીકે પ્રધાન છે. આઠવલે તો ૪૯.૫ ટકા જેટલી દલિત, આદિવાસી અને ઓબીસી અનામતની સુપ્રીમ કોર્ટે ઠરાવેલી ટોચમર્યાદા ઉપરાંત વધારાની ૨૫ ટકા અનામત સવર્ણ ગણાતા સમાજોના આર્થિક રીતે પછાત એવા પરિવારને આપવા માટે બંધારણીય સુધારો કરવાનો પ્રગટપણે આગ્રહ કરી રહ્યા છે. બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરના પૌત્ર એડવોકેટ પ્રકાશરાવ આંબેડકર પણ મરાઠા સમાજની અનામતની માગણીના ટેકામાં છે.

નવાઈ એ વાતની છે કે સમગ્ર મહારાષ્ટ્રમાં લાખો મરાઠાઓના મૂકમોરચા તબક્કાવાર યોજાઈ રહ્યા છે અને વિવિધ પક્ષના આગેવાનો એમને ટેકો આપી રહ્યા છે. છતાં આ મોરચાઓનું નેતૃત્વ કોઈ રાજનેતાના હાથમાં નથી. સમગ્રપણે સમાજ જ એનું નેતૃત્વ કરી રહ્યો છે. કોઈ રાજનેતા, સાંસદ-ધારાસભ્ય કે પ્રધાન આવા મોરચાઓમાં સહભાગી થઈ શકે છે, પણ એની વતી બોલવાનો અધિકાર તેમને નથી. મહારાષ્ટ્રની આ ચળવળ એક અનોખા ચમત્કાર તરીકે જ ચલાવાઈ રહી છે.મહારાષ્ટ્રના અહમદનગર જિલ્લાના કોપર્ડી ગામની મરાઠા સમાજની એક ૧૪ વર્ષીય કન્યા પર દલિત વર્ગના ત્રણ જણાએ અમાનુષી બળાત્કાર ગુજાર્યાની ઘટનાએ સમગ્ર મરાઠા સમાજને ઉશ્કેરી મૂક્યો. આમ પણ મહારાષ્ટ્ર દલિત-દલિતેતર ટકરાવ માટે જાણીતું રાજ્ય હોવા છતાં છત્રપતિ શાહૂ મહારાજ સહિતના સમાજસુધારક અભિગમ ધરાવતા અગ્રણીઓની પરંપરાવાળા આ રાજ્યમાં ફરીને કોપર્ડી પ્રકરણ રમખાણો સર્જે નહીં એની પૂરતી તકેદારી સમાજના તમામ વર્ગો લઈ રહ્યા છે.

જોકે મરાઠા ક્રાંતિ મોરચા કાઢનારાઓની મુખ્ય ચાર-પાંચ માગણી છે : (૧) કોપર્ડી બળાત્કાર પ્રકરણના આરોપીઓને ફાંસીની સજા થાય (૨) મરાઠા સમાજને અનામતનો લાભ, શિક્ષણ સંસ્થાઓમાં પ્રવેશ તથા સરકારી નોકરીઓમાં ભરતી કરતાં, આપવામાં આવે (૩) મોંઘાદાટ થઈ રહેલા સ્વનિર્ભર શિક્ષણ માટે મરાઠા પરિવારનાં ગરીબ વિદ્યાર્થીઓને આર્થિક રાહત અપાય. (૪) કેન્દ્રના દલિત - આદિવાસી પરના અત્યાચારને રોકવા માટેના કાયદા એટ્રોસિટીઝ એક્ટનો દુરુપયોગ થતો હોવાથી એને રદ કરવામાં આવે અથવા તેમાં જરૂરી ફેરફાર કરાય. (૫) ખેતપેદાશોના વાજભી ભાવ અપાય. દલિત - આદિવાસી અને ઓબીસી અનામતના અન્ય જે સમાજોને લાભ મળે છે તે જોતાં એ લાભથી વંચિત રહેલા મરાઠા સમાજને અનામતનો લાભ લેવાનો આગ્રહ જાગે એ સ્વાભાવિક છે.

અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

જોકે, વિધાનસભાની અને લોકસભાની છેલ્લી ચૂંટણી પહેલાં મહારાષ્ટ્રની કૉંગ્રેસ અને રાષ્ટ્રવાદી કૉંગ્રેસની સરકારે મરાઠા સમાજને ૧૫ ટકા ઓબીસી અનામતનો લાભ આપવા ઉપરાંત મુસ્લિમ સમાજને પણ પાંચ ટકા અનામતનો લાભ આપવાનો નિર્ણય કર્યો હતો, પરંતુ મુંબઈની વડી અદાલત અને પછીથી દેશની સર્વોચ્ચ અદાલતે એ નિર્ણયને બંધારણવિરુદ્ધ ગણાવીને રદબાતલ કર્યો હતો.ચૂંટણી પછી કેન્દ્ર અને રાજ્યમાં ભાજપની સરકાર આવ્યા પછી એણે સત્તાવાર રીતે મરાઠા માટે અનામતની તરફેણ કરી હતી, પરંતુ મુસ્લિમોને ધર્મઆધારિત અનામતની બંધારણમાં જોગવાઈ નહીં હોવાથી તેમને અનામત ના આપવી, એવી ભૂમિકા લીધી હતી. રાજ્યની ફડણવીસ સરકારે સુપ્રીમ કોર્ટમાં કરેલી મરાઠા અનામત માટેની અરજીને પણ ફગાવી દેવામાં આવ્યા પછી પણ મુખ્ય પ્રધાન અને વિરોધ પક્ષની ભૂમિકા પણ મરાઠા સમાજને અનામતનો લાભ આપવાની છે.જોકે એ માટે બંધારણમાં સુધારો અનિવાર્ય બની જાય છે.

ગુજરાતમાં પાટીદારોને અનામત આપવાની માગણીના ટેકામાં જે આંદોલન ચાલ્યું એમાં ભાજપની આનંદીબહેન સરકારે અક્કડ વલણ જાળવ્યું એટલે જિલ્લા પંચાયતો અને પાલિકાઓની ચૂંટણીઓમાં ભાજપની હાર થઈ. કૉંગ્રેસનો વિજય એ ભાજપ સરકાર સામેના રોષનું પરિણામ ગણાવી શકાય. આનંદીબહેને છેવટે સવર્ણો ગણાતા સમાજોના આર્થિક રીતે પછાતો માટે પેકેજ જાહેર કર્યા અને આર્થિક રીતે પછાતો માટે ૧૦ ટકા અનામતની જાહેરાત કરી. એને પણ વડી અદાલત અને સુપ્રીમ કોર્ટે બહાલિ આપી નહીં એટલે માત્ર પટેલ સમાજ જ નહીં, સમગ્રપણે ઉજળિયાત વર્